# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)**

પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોનઃ(૦૨૭૬૬) ૨૨૨૭૪૫,૨૩૦૫૨૯,૨૩૦૭૪૩,૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં. ૦૩ / ૨૦૧૮

**વિષય : વર્ષ ૨૦૧૮–૧૯ ની યુનિવર્સિટી ડાયરી માટે જરૂરી માહિતી મોકલવા અંગે.**

શ્રીમાન,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮–૧૯ માટે યુનિવર્સિટીની ડાયરી તૈયાર કરવાની હોવાથી આપની કોલેજ/ સંસ્થા/ડિપાર્ટમેન્ટ ની માહિતી શૈ.વર્ષ ૨૦૧૭–૧૮ ની યુનિવર્સિટીની ડાયરીમાં આપેલ છે. તેની ચકાસણી કરી સુધારા હોય તો તે સહીત આ સાથે સામેલ પત્રક પ્રમાણે **Excel** માં આપેલ કોઠામાં જરૂરી વિગતો ભરીને તુરંત ઉલટ ટપાલે મોકલી આપવી. જે **Excel** ની ફાઈલ વેબસાઈટ **www.ngu.ac.in** પર મુકવામાં આવેલ છે તે ડાઉનલોડ કરી જરૂરી વિગતો ભર્યા બાદ **Excel** ની ભરેલ વિગતનો **E-Mail: hngudiary2018@gmail.com** પર સત્વરે કરશો. **જો ૨૦૧૭–૧૮ની ડાયરીની માહિતીમાં ભૂલ હોય તો સુધારેલી માહિતી તા.૨૭/૦૨/૨૦૧૮ સુધીમાં અચૂક મોકલી આપવી. જો માહિતીમાં કોઈ ભૂલ ન હોય તો અગાઉની ડાયરીમાં આપેલ માહિતી બરાબર છે, તેવુ સ્પષ્ટ લખી આપની સંસ્થાની માહિતી સમય મર્યાદામાં અચૂક મોકલી આપવી. દરેક કોલેજોની વિગત ngu.ac.in વેબસાઈટ પર છે, તે ચકાસી લેવી.**

આપના તરફથી સમયસર માહિતી મળશે નહીં તો તેનો યુનિવર્સિટી ડાયરીમાં સમાવેશ કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા વિનંતી.

આ માહિતી જે તે સમયે કોલેજને મળેલ મંજૂરી મુજબ જ સાચી ભરવી. વેબસાઈટ પર દરેક કોલેજની યાદી છે, જે ચકાસી લેવી. આપની કોલેજની માહિતી આ સાથે સામેલ પત્રકમાં અવશ્ય મોકલી આપવી.

(**નોંધ :–** ૧. યુનિવર્સિટીએ તમામ પરિપત્રો કોલેજને E-Mail થી મોકલવાનું નકકી કરેલ છે. તેથી આચાર્યશ્રીનું E-Mail ID હોવું જરૂરી છે. તેથી જે કોલેજના આચાર્યશ્રીનું E-Mail ID નથી તેવી કોલેજોના આચાર્યશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે તેઓનું E-Mail ID બનાવી યુનિવર્સિટીને સત્વરે મોકલી આપવુ. E-Mail ID ન હોવાને કારણે યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવતાં પરિપત્રોથી કોલેજ વંચિત રહેશે તો તેની **સઘળી જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.** જેની નોંધ લેશો.

૨. જે કોલેજ / સંસ્થાનું એનરોલમેન્ટ zero હશે તેમજ જે સંસ્થાની ૨૦૧૮–૧૯ ની જોડાણ અરજી આવેલ નથી. તેવી કોલેજ/સંસ્થાનું નામ ડાયરીમાં લેવામાં આવશે નહી તથા યુનિવર્સિટીની વેબસાઈટ પરથી નામ રદ કરવામાં આવશે. તેની નોંધ લેશો.

આપનો વિશ્વાસુ,

કા. કુલસચિવ

નં.– એકે/પ્રવેશ/૯૭૬૭/૨૦૧૮

તારીખ : ૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
૨. યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના અધ્યક્ષ/ કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વહીવટી વિભાગના વડાશ્રીઓ.

**નકલ સાદર રવાના ઘટતી કાર્યવાહી સારૂ :–**

૧. સ્ટેટેસ્ટીકલ સેલ – તમામ કોલેજો / ભવનોના અધ્યક્ષશ્રીઓને ઈ–મેલ કરવા સારૂ.
૨. કોમ્પ્યુટર સેન્ટર – યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવા સારૂ.
૩. માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીનું કાર્યાલય.